This Question Paper contains 16 printed pages

Seat No.:

Sl. No. :

# 331(G)

**(March, 2023)**

**C**

***Time : 2 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

**(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે.**

**(2) ઉચિત વિકલ્પ ને પસંદ કરી વિધાન ને સાચુ બનાવો.**

**(3) OMR Sheet પ્રશ્નોનાં ઉત્તર આપવા માટે આપેલી છે. દરેક પ્રશ્નોના જવાબ (A) ○, (B) ○, (C) ○, (D) ○ દ્વારા રજૂ કરે છે. સાચા જવાબ નો વર્તુળ ને ● ઘટ્ટ બોલ પેન થી કરવું.**

**(4) દરેક પ્રશ્ન 1 માર્ક નો છે.**

**(5) કાચુ કામ test booklet માં આપેલી ખાલી જગ્યા માંજ કરવું.**

**(6) જવાબ આપતા પહેલા પ્રશ્નો ધ્યાન થી વાંચો.**

**(7) પ્રશ્નપત્રનાં જમણી બાજુનાં ઉપરની સાઈડ માં પ્રશ્નપત્ર નો સેટ નંબર આપેલ છે. જેને OMR sheet માં આપેલા કોલમમાં લખવો.**

---

1) નીચેનામાંથી કયું દૃશ્ય મૉડેલિંગ ભાષા છે અને તે ઓબ્જેક્ટ મેનેજમેંટ ગ્રુપ (OMG) દ્વારા વ્યાખ્યાયિત કરેલી છે ?

(A) MOU (B) ORG

(C) UML (D) URL

2) નીચેનામાંથી કઈ સંજ્ઞા નો ઉપયોગ જાવામાં સિંગલ લાઈન કમેન્ટ તરીકે ઓળખાય છે ?

(A) // (B) \\

(C) \# (D) \$

3) નીચે આપેલા માંથી કોણ એ બે ક્લાસ વચ્ચે ભિન્ન સંબંધ ને રજુ કરે છે ?

(A) એગ્રિગેશન (B) કોમ્પોઝિશન

(C) વિરુધ્ધ પોઝિશન (D) કમ્પેરિજન

4) નીચેનામાંથી કયું સોફ્ટવેર છે જે આપણને કોમ્પ્યૂટરમાં ઇન્ટરનેટ નો ઉપયોગ કરીને કોલ કરવા માટે સગવડ પુરી પાડે છે ?

(A) R
(B) Rational Plan
(C) Skype
(D) Character call

5) નીચેનામાંથી કયો ચાવીરૂપ શબ્દ ક્લાસ વેરિયેબલ અને ક્લાસ મેથડને ઘોષિત કરવા માટે વપરાય છે ?

(A) static
(B) private
(C) public
(D) package

6) વેબસાઇટ માં કેવી માહિતી હોવી જોઈએ ?

(A) સંપૂર્ણ, સંબંધિત
(B) સંપૂર્ણ, અસંબંધિત
(C) અપૂર્ણ, અસંબંધિત
(D) અપૂર્ણ, સંબંધિત

7) નીચેનામાંથી રેશનલ પ્લાનનાં જુદા જુદા સ્વરૂપ કયા છે ?

(A) સિંગલ, મલ્ટિ, વ્યૂઅર
(B) સિંગ્યુલર, મલ્ટિપલ
(C) વ્યૂ, પ્રિવ્યૂ
(D) સર્વર, ક્લાયન્ટ

8) નીચેનામાંથી કઈ રીતે ચલ વગરનો કન્સ્ટ્રક્ટર બનાવી શકાય છે ?

(A) <classname> () { } ;
(B) <classname> () [ ] ;
(C) <classname>{ }() ;
(D) <classname>{ } [];

9) નીચેનામાંથી કયું એલાઇમેન્ટ કમ્પોઝરનાં ટેબલ એલાઇમેન્ટ માં આવેલ નથી ?

(A) ડાબી
(B) જમણી
(C) જસ્ટીફાય
(D) સેન્ટર

10) નીચેનાંમાંથી કયાં રંગના નિશાન નો ઉપયોગ કરવાથી તમામ ટેગની શરૂઆત દર્શાવવામાટે કમ્પોઝરમાં ઉપયોગ થાય છે ?

(A) લીલો
(B) લાલ
(C) પીળો
(D) ગુલાબી

11) જ્યારે જાવા સોર્સ ફાઈલ સફળતા પૂર્વક કમ્પાઈલ થઈ જાય ત્યારે system કઈ એક્સટેંશન બેસ ફાઈલ ઓટોમેટીક જનરેટ કરે છે ?

(A) ·sysj
(B) ·java
(C) ·class
(D) ·obc

12) નીચેનામાંથી કયો કમાન્ડ સમૂહ યુનિયનનું ચિન્હ બનાવે છે ?

(A) \cup
(B) \set union
(C) \cap
(D) \union

13) લેટેક્સ કમાન્ડ ની શરૂઆત નીચેનામાંથી કયા કેરેક્ટર્સ થી થાય છે ?

(A) #
(B) \
(C) %
(D) /

14) નીચેનામાંથી કયાં વિધેય નો ઉપયોગ જાવાસ્ક્રિપ્ટમાં વિગતો ને અંકોમાં ફેરવવામાટે થાય છે ?

(A) parseFloat ()
(B) pastFloat ()
(C) convsFloat ()
(D) consFloat ()

15) નીચે આપેલા માંથી કયાં કૌસનો ઉપયોગ જાવાસ્ક્રિપ્ટના બ્લોકની શરૂઆત અને અંત દર્શાવે છે ?

(A) રાઉન્ડ કૌસ
(B) સ્ક્વેયર કૌસ
(C) છગડિયા કૌસ
(D) બંધ કૌસ

16) નીચેનામાંથી કયો કેલેન્ડર ક્લાસ નો અચલ કેલેન્ડરનું વર્ષ દર્શાવવામાં મદદ રૂપ થાય છે ?

(A) YRS
(B) YEAR
(C) YYS
(D) Y

17) નીચેનાંમાંથી કયો ઇન્ટરનેટ પર ઈ-કોમર્સનો સૌપ્રથમ વિનિયોગ હતો ?

(A) ઈ-વર્તમાનપત્ર
(B) હરાજીની સાઇટ
(C) નેટ બેન્કીંગ
(D) ઇન્ટરનેટ પર પુસ્તકની દુકાન

18) ઇન્ટરનેટ પર વેબ વ્યવહારોને સુરક્ષિત રાખવા માટે કયાં પ્રોટોકોલનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) TCP/IP (B) HTTP

(C) Bluetooth (D) SSL

19) નીચેનામાંથી કયાં બે ટેબ ટેબલ પ્રોપર્ટી ડાયલોગ બોક્ષમાં દેખાય છે ?

(A) Quickly, cells (B) Table, cells

(C) Rows, cells (D) Cells, Precisely

20) document.write ("INDIA");

ઉપર આપેલા જાવાસ્ક્રિપ્ટનાં વિધાનમાં નીચેનામાંથી કયું મેથડ છે ?

(A) write (B) INDIA

(C) document (D) semicolon

21) નીચેનામાંથી કયા લૂપને જાવામાં નિર્ગમન-નિયંત્રિત પ્રકારનો લૂપ કહે છે ?

(A) if-else-if (B) for

(C) case (D) do...while

22) નીચેનામાંથી કયાં વિભાગનો અમલ હંમેશા જાવા પ્રોગ્રામનાં અંતે આવે તે પહેલા કરવામાં આવે છે પછી ભલે try વિભાગમાં કોઈ અપવાદો સર્જાય હોય કે ન સર્જાય હોય ?

(A) Catch (B) Finally

(C) Match (D) Except

23) નીચેનામાંથી કયાં સ્વરૂપ ને પોલિમોરફિઝમ કહે છે ?

(A) એક સ્વરૂપ (B) ખાલી સ્વરૂપ

(C) ઘણા પૈસા (D) અનેક સ્વરૂપ

24) નીચેનામાંથી કયો લેટેક્સ કમાન્ડ ગાણિતિક ચિન્હ ≠ પ્રિન્ટ કરવા વપરાય છે ?

(A) \neq (B) \eq

(C) \eqn (D) \hash

25) અપવાદ સર્જાય ત્યારે નીચેનામાંથી કયો વિભાગ વ્યવસ્થાપન કરે છે યોગ્ય ક્રિયા હાથ કરે છે ?

(A) try (B) catch

(C) throws (D) handles

26) નીચેનામાંથી ક્યાં ત્રણ મોડ Edit mode ટૂલબારમાં કમ્પોઝરમાં દર્શાવવામાં આવ્યા છે ?

(A) Netbeans, HTML tags, Preview
(B) Normal, Elements, Publish
(C) Normal, HTML Tags, Preview
(D) Normal, All Tags, Publish

27) કમ્પોઝરમાં કયો ટેબ CSS Stylesheet ના ડાયલોગ બોક્ષમાં દેખાતો નથી ?

(A) Borders (B) Box
(C) Shades (D) Aural

28) નીચેનામાંથી કયું પ્રોટેક્શન જાવામાં સૌથી ઉચ્ચ કક્ષાનું પ્રોટેક્શન તરીકે ઓળખાય છે ?

(A) Public (B) Protocol
(C) Protected (D) Private

29) નીચેનામાંથી કયો File Input Stream નો મેથડ ઇન્પુટ - સ્ટ્રીમમાંથી ડેટા બાઇટ વાચે છે ?

(A) stream input ( )
(B) inr stream ( )
(C) input read ( )
(D) int read ( )

30) જાવામાં જો ડેટા એક વખત મર્યાદિત કર્યો હોય અને તો પણ જો આપણે એ ડેટા નો ઉપયોગ અન્ય દ્વારા માન્ય રાખવો હોય તો નીચેનામાંથી કયાં મેથડ નો ઉપયોગ થાય છે ?

(A) Excess (B) Access
(C) Accessor (D) Allowus

31) નીચેનામાંથી કઈ વેબસાઇટ B2B પર આધારિત છે ?

(A) Flipkart.com (B) Olx.com
(C) Quikr.com (D) tradeindia.com

32) નીચેનામાંથી કઈ સ્ટ્રિંગ ક્લાસ મેથડ, મેથડ કોલ કરતી સ્ટ્રિંગ ઓબ્જેક્ટમાં રહેલા અક્ષરોની સંખ્યા પરત કરે છે ?

(A) int length ()
(B) char len ()
(C) String lenco ()
(D) String Num ()

33) નીચેનાંમાંથી કયા વિકલ્પનો ઉપયોગ કમ્પોઝરમાં ટેબલ બનાવવામાટે થાય છે ?

(A) View → Table
(B) Insert → Table
(C) Form → Table
(D) File → Table

34) નીચેનામાંથી કયો ક્લાસ ગુપ્ત સંકેત વાચવા માટેની એક પધ્ધતિ પૂરી પાડે છે ?

(A) Void class
(B) Keyboard class
(C) Console class
(D) Scanner class

35) નીચેનામાંથી કયું લેટેક્સ ફાઈલ નું એક્ષટેન્શન છે ?

(A) ·class
(B) ·Lat
(C) ·Ltx
(D) ·tex

36) જો એરે નીચે પ્રમાણે વ્યાખ્યાયિત કરવામાં આવે તો marks [2] નો શું જવાબ આવશે ?

i.e. int marks [ ] = { 2, 3, 4, 8 };

(A) 2
(B) 3
(C) 4
(D) 8

37) નીચેનામાંથી કોણ એ વિશિષ્ટ હેતુ માટે પરસ્પર જોડાયેલાં વેબપેજનો સમૂહ છે ?

(A) form (ફોર્મ)
(B) images (ચિત્રો)
(C) website (વેબસાઇટ)
(D) feedback (ફીડબેક)

38) નીચેનાંમાંથી કયાં વિધેયનો ઉપયોગ જાવાસ્ક્રિપ્ટ માં લખવાથી મેસેજ ડાયલોગ બોક્ષના રૂપમાં દેખાશે ?

(A) msg
(B) is NaN
(C) dbox
(D) alert

39) નીચેનામાંથી કયો કેલેન્ડર ક્લાસ નો અચલ મહિનામાં અઠવાડિયાનો ક્રમ દર્શાવવામાં મદદ રૂપ થાય છે ?

(A) MONTH_OF_WEEKS

(B) WEEKS

(C) WEEK_OF_MONS

(D) WEEK_OF_MONTH

40) જાવામાં નીચેનામાંથી કોનો ઉપયોગ વિવિધ ક્લાસને વ્યવસ્થિત રૂપ આપવા માટે વપરાય છે ?

(A) package (B) private

(C) public (D) post

41) નીચેનામાંથી કઈ સિસ્ટમ મોબાઇલ ઉપકરણોની સ્થિતિ નક્કી કરવા માટે ની સૌથી વધુ ચોક્કસ પધ્ધતિ છે ?

(A) WiFire (B) GPS

(C) Signal Radar Spot (D) GTS

42) નીચેનામાંથી કયો Date ક્લાસ નો મેથડ સિસ્ટમના તત્કાલીન સમયનો ઉપયોગ કરીને Date ઓબ્જેક્ટ બનાવે છે ?

(A) getTime() (B) Date()

(C) TimeDate() (D) DateT()

43) કઈ પ્રક્રિયા દ્વારા ગ્રાહકને ઉત્પાદનની કિંમત માટે બોલી લગાવીને ખરીદ કે વેચાણની સુવિધા પૂરી પાડવામાં આવે છે ?

(A) માર્કેટિંગ (B) હરાજી

(C) પુસ્તકોની દુકાન (D) નોંધણી

44) નીચેનાંમાંથી કયો ડેટા વાસ્તવિક સંખ્યા નો સમાવેશ કરે છે ?

(A) byte (B) short

(C) char (D) double

45) લેટેક્સના કયા દસ્તાવેજના ભાગ માં મેટાડેટા હોય છે ?

(A) પ્રિફેસ (B) ToC

(C) પ્રાસ્તાવિક ભાગ (D) Environment

46) જો જાવાસ્ક્રિપ્ટમાં isNAN ("BHARAT") લખવામાં આવે તો તે વિધેય અંત માં શું દર્શાવશે ?

(A) False (B) BHARAT

(C) True (D) Ok

47) નીચેનામાંથી કઈ સ્ટ્રિંગ ક્લાસ મેથડ, મેથડ કોલ સ્ટ્રિંગ અને પ્રાચલ str (ઓબ્જેક્ટ) સરખા હોય તો true પરત કરે છે ?

(A) boolean equs (String str)

(B) boolean eqs (String str)

(C) boolean eq (String str)

(D) boolean equals (String str)

48) તમામ જાવા અપવાદો માટે નીચેના માંથી કયો શબ્દ સાચો છે ?

(A) ભૂલ (Errors)

(B) અમલ દરમિયાનના અપવાદ (Runtime Exceptions)

(C) બહાર પાડી શકાય તેવા (Throwables)

(D) છોડી દઈ શકાય તેવા (Omissions)

49) નીચેનાંમાંથી કયાં CSS નાં બે મુખ્ય વિભાગ છે ?

(A) select, declaration

(B) selection, declaration

(C) selector, declaration

(D) selector, declare

50) નીચેનામાંથી કયું ઉદાહરણ C2C પ્રતિકૃતિનું છે ?

(A) હરાજી માટેની સાઇટ (B) ઈ-વર્તમાનપત્ર

(C) માહિતી સેવા (D) ઓનલાઇન ખરીદી

51) KompoZer ના ઇન્સર્ટ ટેબલ ડાયલોગ બોક્ષમાં કેટલા ટેબ દેખાય છે ?

(A) 4 (B) 5

(C) 3 (D) 2

52) નીચેનામાંથી કયો સ્કેનર ક્લાસ મેથડ પછી નો ટોકન પરત કરે છે ?

(A) string next ( ) (B) string token ( )

(C) string nxt ( ) (D) string next token ( )

53) નીચેનામાંથી કયો વેરિએબલ મેથડ કે બ્લોકની અંદર વ્યાખ્યાયિત કરેલ હોય છે ?

(A) ક્લાસ વેરિયેબલ (B) ઓબ્જેક્ટ વેરિયેબલ

(C) લોકલ વેરિયેબલ (D) ઇન્સ્ટન્સ વેરિયેબલ

54) નીચેનામાંથી ક્યાં નેટવર્ક નો વિકાસ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યો છે ?

(A) GOVWAN (B) GCWAN

(C) GSWAN (D) GEWAN

55) નીચેનામાંથી કઈ પ્રક્રિયક અંકગણિતીય માં મોડ્યુલ્સ તરીકે જાવામાં વપરાય છે ?

(A) \ (B) %

(C) / (D) ||

56) નીચેનામાંથી કયા ટાઈપ ની ભૂલો પ્રોગ્રામર ના ભૂલ થી પ્રગટ થાય છે ?

(A) Compile time errors (B) Run time errors

(C) Progress time errors (D) Common errors

57) Sales [5] [12] એરેમાં દ્વિતીય પરિમાણનું કદ કેટલું છે ?

(A) 5 (B) 12

(C) 60 (D) 10

58) નીચેનામાંથી કયાં ટેબ પેજ પેનની ડાબી બાજુ કમ્પોઝરમાં દર્શાવેલ છે ?

(A) Design, Split, System

(B) Design, Split, Source

(C) Design, Show, Source

(D) Design, Save, Source

59) નીચેનામાંથી કયો નિર્દેશ એ સૂચવે છે કે પ્રોગ્રામ સફળતાપૂર્વક જાવામાં અમલ થયો છે ?

(A) Exit code = –1 (B) Exit code < > 2

(C) Exit code = 0 (D) Exit code = 1

60) નીચેનામાંથી કયું ઓપનસોર્સ IDEs નું ઉદાહરણ નથી ?

(A) Eclipse (B) JBuilder

(C) Netbeans (D) Nutscells

61) નીચેનામાંથી કઈ રચના કે જેના વડે ડેટા અને મેથડ સાથે રક્ષણ પૂરૂ પાડવામાં આવે છે ?

(A) ઈનકેપ્સ્યુલેશન (B) ડેટા એબ્સ્ટ્રેક્શન

(C) મેસેજિંગ (D) પોલિમોર્ફિઝમ

62) નીચેનામાંથી ક્યાં પ્રકારની મેથડ જે નવા ઓબ્જેક્ટ નિર્મિત કરતા સમયે ઈન્વોક કરવામાં આવે છે ?

(A) મેસેજિંગ (B) એબ્સ્ટ્રેક્શન

(C) કન્સ્ટ્રક્ટર (D) પોલિમોર્ફિઝમ

63) નીચેનામાંથી કયો એસ્કેપ કોડ જાવામાં ટેબ આપવા માટે વપરાય છે ?

(A) \n (B) \t

(C) \b (D) \ta

64) નીચેનામાંથી કઈ જાવા લાઈબ્રેરી Date ક્લાસ પૂરો પાડે છે ?

(A) Java.lib (B) Java.obj

(C) Java.util (D) Java.Package

65) નીચેનામાંથી કઈ ફાઈલ-ક્લાસ ની પધ્ધતિ ફાઈલ કે ડિરેક્ટરીનાં પાથ (Path) પરત કરે છે ?

(A) boolean not File ( )

(B) boolean is File ( )

(C) string get Path ( )

(D) string get Name ( )

66) ગ્રાહકો વચ્ચે કરવામાં આવતા હોય તેવા વ્યવહારોને સમાવતી પ્રવૃત્તિને ઈ-કોમર્સની કઈ વ્યવસાય પ્રતિકૃતિ કહે છે ?

(A) G2B (B) C2C

(C) B2B (D) B2C

67) નીચેનામાંથી કઈ form માં આવેલા method લાક્ષણિકતાની પુર્વ નિર્ધારિત કિંમત છે ?

(A) GET (B) SET

(C) Post (D) ESET

68) કમ્પોઝરમાં કેટલા ટેબ CSS Stylesheets ના પ્રયલોગ બોક્ષમાં દેખાય છે ?

(A) 9 (B) 6

(C) 8 (D) 7

69) નીચેનામાંથી ઈ-કોમર્સનો ગેરફાયદો ક્યો છે ?

(A) ગોપનીયતા (B) ગ્રાહક સેવામાં સુધારો

(C) ઝડપ (D) વ્યવસાયનો 24 × 7 સમય

70) નીચે આપેલા ઉદાહરણમાં CSS ના નિયમ પ્રમાણે પ્રોપર્ટી કોણ છે ?

i.e. $H_1$ { color : green } ;

(A) color (B) green

(C) $H_1$ (D) { }

71) નીચેનામાંથી ક્યો વિધેય R માં બનાવેલ તમામ અચલ ની યાદી પ્રસિદ્ધ કરે છે ?

(A) ls() (B) lsa()

(C) var(all) (D) var(ls)

72) જાવા કેટલા પ્રકારના પ્રાથમિક (પ્રિમિટિવ - primitive) ડેટા પ્રકાર પૂરા પાડે છે ?

(A) 9 (B) 12

(C) 8 (D) 10

73) નીચેનામાંથી કઈ સંજ્ઞા નો ઉપયોગ લેટેક્સમાં કમેંટ તરીકે વપરાય છે ?

(A) // (B) #

(C) % (D) \\

74) નીચેનામાંથી કોણ એ અનેક ક્લાસ નો સમૂહ, અવરોધો (constraints) અને જુદા જુદા ક્લાસ વચ્ચેનો સંબધની સ્થિતિ રજુ કરે છે ?

(A) ક્લાસ ડાયાગ્રામ (B) બેસ ડાયાગ્રામ

(C) ઓબ્જેક્ટ ડાયાગ્રામ (D) કેસ ડાયાગ્રામ

75) જાવા કેટલા પ્રકારની લુપિંગની રચના પૂરી પાડે છે ?

(A) 4 (B) 2

(C) 3 (D) 5

76) નીચેનામાંથી કઈ લાક્ષણિકતાઓ ટેક્સ્ટ એરીયા સાથે વાપરવામાં આવે છે ?

(A) comment, rows (B) columns, cells

(C) cells, cols (D) rows, cols

77) નીચેનાંમાંથી કોણો ઉપયોગ સંદિશ, શ્રેણિક અને અન્ય બહુ-પરિમાણીય માહિતી રજૂ કરવા માટે જાવામાં વપરાય છે ?

(A) While_ _do (B) Array

(C) VLoop (D) If-else

78) સંદેશ નાં સાંકેતીકરણ અને બિન સાંકેતીકરણ કરવા માટે નીચેનામાંથી કઈ કી નો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) પ્રાઈમરી કી (B) પ્રાઈમ કી

(C) ફોરેન કી (D) ગુપ્ત કી

79) નીચેનામાંથી કઈ કંપની એ જાવા લેંગ્વેજ નો વિકાસ કર્યો છે ?

(A) Sun Microsystems

(B) Ocean Microsystem

(C) Macintosh system

(D) Apple system

80) JVM નું પૂર્ણ નામ નીચેમાંથી કયું છે ?

(A) Java Velocity Machine

(B) Java Virtual Machine

(C) Java Vital Machine

(D) Java Versatile Machine

81) કેરેક્ટર-સ્ટ્રીમ વાંચવા માટે કયા આધારરૂપ ક્લાસ નો ઉપયોગ થાય છે ?

(A) Base class (B) Reader class

(C) Write class (D) Read class

82) નીચેનામાંથી કયું સંકેત જાહેર દશ્યતા માટે વપરાય છે ?

(A) * (B) #

(C) + (D) $

83) રેકોર્ડના ફિલ્ડની વચ્ચે નીચેનામાંથી કયું ચિન્હ બે ફિલ્ડને જુદા પાડવા ઉપયોગમાં લેવાય છે ?

(A) પાથ
(B) ડેલિમીટર
(C) ચલ
(D) ખાલી જગ્યા

84) નીચેનામાંથી કયાં એકસેપ્શન ક્લાસ નો ઉદભવ ત્યારે થાય છે જ્યારે અસ્તિત્વમાં ન હોય તેવી ફાઈલનો ઉપયોગ કરવાનો પ્રયત્ન થાય છે ?

(A) Found Exception
(B) File No Exceptions
(C) File Exception
(D) File Not Found Exception

85) નીચેનાંમાંથી કયું સુરક્ષા-સીમાનો ઉપયોગ સંસ્થાના નેટવર્ક અને બહારની દુનિયા વચ્ચે ના યાતાયાત પર નિરીક્ષણ અને નિયંત્રણ કરવામાટે થાય છે ?

(A) ફાયરવોલ
(B) નેટવોલ
(C) ટ્રેડવોલ
(D) કોપીરાઈટ

86) નીચેનામાંથી કયાં પ્રોટોકોલ નો ઉપયોગ આપણા કોમ્પ્યુટર પરથી વેબહોસ્ટ પર ફાઈલ સ્થાનાંતરણ કરવા માટે વપરાય છે ?

(A) RTP
(B) HTP
(C) FTP
(D) CTP

87) નીચેનામાંથી કોણે RuPay કાર્ડ દ્વારા ચુકવણી કરવાની એક નવી રીત શરૂ કરેલી ?

(A) NPIC
(B) NCPI
(C) NPCI
(D) NACI

88) પ્રોગ્રામિંગના રીત ને આપણે કેટલા પ્રકાર માં વહેંચી શકીએ ?

(A) 3
(B) 4
(C) 2
(D) 5

89) નીચેનામાંથી કયું મીડિયાપ્લેયર લાક્ષણિકતાની દૃષ્ટિએ સમૃદ્ધ છે ?

(A) VAC
(B) VNC
(C) VLC
(D) VEC

90) નીચેનામાંથી કયાં વિકલ્પનો ઉપયોગ કમ્પોઝરમાં 'city' ફિલ્ડ માટે ડ્રોપડાઉન મેનું બનાવવામાટે થાય છે ?

(A) Form → Drop Select List

(B) Form → Select Drop List

(C) Form → Drop Down List

(D) Form → Selection List

91) નીચેનાંમાંથી કોણે જાવાસ્ક્રિપ્ટનો વિકાસ કર્યો ?

(A) Google
(B) Wikipedia
(C) Yahoo
(D) Netscape

92) જાવામાં નીચેનાંમાંથી કોણ સુરક્ષા કે પ્રોટેક્શન ના ચાર p's નો ભાગ નથી ?

(A) Public
(B) Protocol
(C) Protected
(D) Private

93) નીચેનાંમાંથી કયાં બટનનો ઉપયોગ ફોર્મમાં દાખલ કરવામાં આવેલી વિગતો દુર કરી ફોર્મને પૂર્વનિર્ધારિત કિંમતો સાથે દર્શાવવામાં આવે છે ?

(A) Close
(B) Reset
(C) Set
(D) Submit

94) નીચેનામાંથી કોને ઘટના કહી શકાય નહી ?

(A) Abort
(B) Mouseover
(C) Set
(D) Load

95) ઇન્હેરિટન્સ સામાન્ય રીતે બે ક્લાસ વચ્ચે નીચેનામાંથી કયાં પ્રકારનો સંબધ ધરાવે છે ?

(A) has-take-of
(B) is-a-kind-of
(C) take-of
(D) check-of

96) નીચેનામાંથી કોણ જાવામાં વણવપરાયેલ ઓબ્જેક્ટ શોધે છે અને તે આ ઓબ્જેક્ટ દ્વારા વપરાયેલી મેમરી પાછી મેળવે છે ?

(A) ઓબ્જેક્ટ કલેક્ટર
(B) ગાર્બેજ કલેક્ટર
(C) ગાર્બેજ વહેચનાર
(D) રીક્લેમ કલેક્ટર

97) નીચેનામાંથી શું એરેની પ્રારંભિક ઇન્ડેક્સ કિમતનો ઉલ્લેખ કરે છે ?

(A) 0
(B) 1
(C) null
(D) 2

98) એક માહિતી માં અન્ય માહિતી સંતાડવાની ક્રિયાને શું કહે છે ?

(A) Squatting
(B) Stenography
(C) Name changing
(D) Copyright

99) નીચેનામાંથી કોણ આપણે હયાત ક્લાસને વિસ્તૃત કરીને વધારાના સામર્થ્ય સાથે નો નવો ક્લાસ બનાવવાની સગવડ આપે છે ?

(A) ઇનહેરિટન્સ
(B) પોલિમોરફિઝમ
(C) ડેટા એબ્સ્ટ્રેક્શન
(D) મેસેજિંગ

100) નીચેનામાંથી કયા વિધેય નો ઉપયોગ R માં યાદીમાંથી ન્યૂનતમ કિંમત શોધવા થાય છે ?

(A) mini(list)
(B) min(list)
(C) max(list)
(D) Mean (list)

◆◆◆